

રમેશ ઠક્કર

# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

દિશાઓ ફેરવો કાં તો વિચારો ફેરવી નાખો;
રહે જો દ્રશ્ય એનું એ જ તો બારી નવી નાખો.

અમે એવા કે અમને જિંદગી પણ છેતરી નાખે,
તમે તો વાતમાં લઇ મોતને પણ ભોળવી નાખો.

જગતને ખોટ પ્હોંચે એ હદે ઓછું થયું છે કંઈક,
હવે એ ખોટ પૂરવા માનવીમાં માનવી નાખો.

શિખામણ આપનારું કોઈ જણ ઘરમાં નથી તો શું?
ખૂણો ખાલી જ છે, થોડાક પુસ્તક ગોઠવી નાખો.

- ભાવિન ગોપાણી

## પાથેય

### હોતી નથી હાલી નિકળનારને તમા...

એક ચાઇનીઝ કહેવત છે કે "કોઇપણ મોટી સફરની શરૂઆત એક નાનકડા પગલાથી થતી હોય છે "..અલ્પ શબ્દોમાં આટલી અદ્ભુત વાત કહેવતમાં જ શકય છે..એમાં જીવનનો સાર અને સમજણ ભરેલાં હોય છે..અને એટલે જ એ સહજભાવે લોકોની જીભે રમતી થઈ જાય છે.જગતમાં મોટાભાગે પ્રવાહ જોઇને ચાલતા લોકો જોવા મળે છે.આપણે એને ડાહયા કે હોંશિયાર માણસો ગણીએ છીએ..કેટલાક એવા લોકો પણ છે જે હંમેશાં સામા પ્રવાહે ચાલતા રહે છે..આવા લોકોની પણ આગવી દુનિયા હોય છે..પરંતુ કવિ અહીં બંને રીતે ચાલવાની વાત કરે છે..એમના માટે ચાલવું એ મહત્વનું છે..પ્રવાહની દિશા નહીં ! એમાં એક શરત છે જે ખૂબ મહત્ત્વની છે..સામા પ્રવાહે કે વહેતા પ્રવાહમાં વહેવા માટે જે હોડી કે હલેસું જે એ પોતાનું છે...કહેવાયું છે ને કે "ચેરિટી બીગેઇન એટ હોમ'..એવી જ વાત...

મુળ વાત અહીં ખુમારીની છે.આગવા મિજાજની છે..કોઇ કામ કે દિશા આપણા માટે નવાં હોય એટલે આપણે જરીક સાવચેતીથી શરૂઆત કરીએ છીએ..અહીં તો આભ સુધી વિસ્તરવાની વાત છે..એમાં એક અજબ ખુમારીનો ભાવ છે..આ રીતે ચાલવાના પડકારમાં કયારેક પટકાઇ પડવાનું જોખમ રહેલું હોય છે..એની આગવી ખબર હોય એમ એ કહે છે કે ભલે ઉંધા માથે પટકાઉં તો પણ જીવનનું ધ્યેય તો નીચું નહીં જ રાખું..નિશાનચૂક માફ નહીં માફ નીચું નિશાન !

ચાલતા રહેવું એ જ ખાસ વાત છે..જે માણસ ગણીગણીને ડગ માંડે એ મંઝિલ સુધી ના પહોંચી શકે..હિંમતથી હાલી નિકળનારાને આવી તમા હોતી નથી..ભલેને એ મધ્યાહનનો સમય હોય કે મધરાતનો સમય ! સફરના અંતે શું મળ્યું એ ઘણીવાર ગૌણ બની જાય છે..એના રસ્તે જે અનુભવો કે આનંદ મળે છે એનો જ આનંદ હોય છે..ધારેલું તો કોનું થાય છે ? ધારેલું હંમેશાં ધણીનું જ થતું હોય છે..એ ધણી એટલે જગતનો નાથ..ઇશ્વર કે કુદરત. જો આમ જ હોય તો પછી ચાલવું આપોઆપ ખુમારી બની જતી જોઇએ..મારે તો એક ડગલું બસ થાય..એવું કહેવામાં એક સમજણ છે..અને આવી સમજણ થકી એકાદ ડગલું પણ મનગમતી મંઝિલ તરફ ભરવું એ નાનીસૂની ઘટના નથી !

# ગૂગલની 'ગિફ્ટ' સિટી..! જીમેલ, ગૂગલ પે, ગૂગલ મેપ... ગૂગલ ડ્રાઈવ.... ગાંધીનગરની ગલીમાં ગૂગલ - ડૂડલ..!




ગૂગલ ગાંધીનગર શહેરની ગિફ્ટ સિટીમાં 'ગિફ્ટ' બનીને આવે છે. ગૂગલના સીઈઓ સુંદર પિચાઈ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને યુએસ મુલાકાત દરમિયાન મળ્યા હતા અને બાદમાં ભારતમાં તેમનું ગ્લોબલ ફિનટેક ઓપરેશન સેન્ટર ખોલવાની જાહેરાત કરી હતી. આ સેન્ટર ગુજરાતના ગાંધીનગરમાં ગિફ્ટ સિટીમાં શરૂ થશે. આપણા ગાંધીનગર માટે બહુ મોટી વાત છે. ગૂગલની ગિફ્ટ સિટીમાં એન્ટ્રી સાથે ભારતમાં ૧૦ અબજ ડોલરનું રોકાણ કરશે.! આજે માણીએ ગૂગલની અવનવી માહિતીપ

જીમેલ, ગૂગલ મેપ્સ, ગૂગલ ડ્રાઈવ, ગૂગલ ક્રોમ બનાવવા ઉપરાંત ગૂગલ વર્ષ ૨૦૧૦થી સતત દર અઠવાડીયે ઍવરેજ એક કંપની ખરીદી કરી રહ્યું છે. ગૂગલ એ એન્ડ્રોઈડ, યુટ્યૂબ તથા એડસેન્સ સહિત સિત્તેરથી વધુ મોટી કંપનીઓની માલિકી ધરાવે છે. ગૂગલનું પહેલું ડૂડલ ઓફિસ બહારના સંદેશા વિશે હતું. આ ડૂડલ વર્ષ ૧૯૯૮માં ૩૦મી ઑગસ્ટે તૈયાર કરાયું હતું. આ ડૂડલમાં સળગતા માણસના હાથમાં લાકડી હતી અને તે ગૂગલના સ્પેલિંગના બીજા 'ઓ' પાછળ ગૂગલ બેનરમાં બેસેલા હતા. ગૂગલના સ્થાપકોને ગૂગલના યુઝર્સને એવો સંદેશો આપવા માંગતા હતા કે તેમની ટેકનિકલ સમસ્યાના સમાધાન માટે બન્ને વ્યક્તિ હાજર નથી. ત્યારથી લઈને આજ દિન સુધી ડૂડલ એ ગૂગલની પરંપરાનો ભાગ બની ગયું છે, જેમાં જાણીતી વ્યક્તિઓ, દિવસોને ચોક્કસ પ્રકારની કળાત્મક રચનાઓ સાથે દર્શાવે છે.

જાણીને નવાઈ લાગશે પણ ગૂગલ ઘાસ કાપવાના મશીનને બદલે બકરીઓનો ઉપયોગ કરે છે. કેલિફોર્નિયામાં પહાડોની વચ્ચે આવેલી ગૂગલની વડી કચેરીમાં મોટી માત્રામાં ઘાસ ઉગે છે. આ ઘાસને કાપવાની જગ્યાએ ચરવા માટે ગૂગલના પરિસરમાં ૨૦૦ જેટલી બકરીઓ ચરતી જોઈ શકાય છે. વર્ષ ૧૯૯૯માં ગૂગલના સ્થાપક લેરી અને સેર્જેએ ગૂગલને માત્ર ૧૦ લાખ ડૉલરમાં વેચવા કાઢી હતી પરંતુ તેને ખરીદદાર નહોતું મળ્યું. આજે તેની કિંમત ૩૦૦ અબજ ડૉલરથી વધારે આંકવામાં આવે છે.

ફૉર્બ્સના મતે ગૂગલના પિતા સર્જે બ્રીને ખૂબ જ પહેલાં એવું નક્કી કરી લીધું હતું કે ગૂગલની કોઈ પણ ઓફિસ ખોરાક મળતો હોય તેવી જગ્યાથી ૬૦ મીટરથી વધારે દૂર ન હોવી જોઈએ. એવી અફવા પણ છે કે કંપનીના શરૂઆતના દિવસોમાં ગૂગલની ફેવરિટ ડિશ સ્વિડિશ માછલી હતી. પરંતુ હવે સંસ્થાના કર્મચારીઓને મનગમતા વ્યંજનો માણવાની સવલત ઓફિસમાં જ આપવામાં આવે છે. ગૂગલ સૌથી પહેલી એવી મોટી ટેક્નોલોજી કંપની હતી જેને પોતાના કર્મચારીઓને મફત ભોજનની સુવિધા પૂરી પાડી હતી અને ગૂગલમાં કામ કરતાં કર્મચારીઓ પોતાના પાલતુ કુતરાઓને ઓફિસમાં પણ લઈ જવાની પરવાનગી છે!

ગૂગલનું ઈન્ડેક્સ વર્ષ ૧૯૯૯ કરતાં દસ હજાર ગણુ વિકસી ગયું છે તેમ છતાં ગૂગલ લીગોને આજે પણ એટલું જ મહત્ત્વ આપે છે. લીગો એ પ્લાસ્ટિકનું રમકડું છે, જેમાં ગૂગલે કમપ્યુટર સ્ટોરેજ યુનિટ બનાવ્યું હતું. ગૂગલ હાલ દુનિયાનું સૌથી મોટું સર્ચ એંજિન છે અને સૌથી વધારે મુલાકાત લેવાતી વેબસાઈટ છે. **"Google"** શબ્દ **"googol"** પરથી આવ્યો છે જેનો અર્થ ૧ની પાછળ ૧૦૦ શૂન્ય **(Zero)** થાય છે. આનો મતલબ તમે ગૂગલ દ્વારા ખૂબ મોટા જથ્થામાં જાણકારી પ્રાપ્ત કરી શકો છો. ગૂગલની શરૂઆત ૨ કોલેજ વિદ્યાર્થીઓ દ્વારા ૪ સપ્ટેમ્બર, ૧૯૯૮માં થઈ હતી જે લેરી પેજ અને સેર્ગેઈ બ્રિન દ્વારા કરવામાં આવી હતી ત્યારે તે વખતે તેઓ સ્ટેન્ડફોર્ડ યુનિવર્સિટીમાં **Ph.D.** ના વિદ્યાર્થીઓ હતા. ગૂગલનું જે મુખ્ય હેડક્વોર્ટર છે તે કેલિફોર્નિયાના સિલિકોન વેલીમાં આવેલું છે, તો આ હેડક્વોર્ટરને "ગૂગલપ્લેક્સ **(Googleplex)**" તરીકે ઓળખવામાં આવે છે.

ગૂગલએ પોતાની ઈમેલ સર્વિસ ૨૦૦૪માં એપ્રિલ ફૂલના દિવસે લોન્ચ કરી હતી જેને આપણે **Gmail** તરીકે ઓળખીએ છીએ. તે વખતે ઘણા લોકોને આ એક મજાક લાગ્યું હતું. ગૂગલનો જન્મ દિવસ દર વર્ષે ૨૭ સપ્ટેમ્બરે ઉજવવામાં આવે છે. ગૂગલએ ૨૦૦૬માં **Youtube** ને ખરીદ્યું હતું અને આજે **Youtube** પર એક મિનિટમાં ૫૦૦ કલાકના વિડિયો અપલોડ થઈ જાય છે અને ૨ અબજથી પણ વધારે વપરાશકર્તા છે. ગૂગલનું શરૂઆતનું નામ "બેકરબ **(BackRub)**" હતું. ગૂગલનું સૌથી પહેલી ઓફિસ એક ભાડે લીધેલું ગેરેજ હતું અને તે ગેરેજ **"Susan Wojcicki"** નું હતું જે આજે ૨૦૧૪થી **Youtube** ના **CEO** છે.!

ગૂગલે ૨૦૦૬માં નક્કી કર્યું હતું કે તેઓ કેલિફોર્નિયાના માઉન્ટેન વ્યૂ નામના નગરમાં ફ્રી વાઈફાઈ સર્વિસ આપશે જેથી વધારે લોકો ગૂગલ સર્ચ એંજિનનો ઉપયોગ કરી શકે. એક આશ્ચર્યની વાત છે કે ૧૬ ઓગસ્ટ, ૨૦૧૩ના દિવસે ગૂગલને કારણે ૫ મિનિટ માટે ઈન્ટરનેટ પરનો ૪૦% જેટલો વપરાશ ઘટી ગયો હતો કારણ કે ગૂગલ તે દિવસે ૫ મિનિટ માટે ખૂલતું ન હતું. ૧૯૯૭માં ગૂગલ ઈચ્છતું હતું કે **Yahoo** કંપની તેમને ૨ મિલિયન ડોલરમાં ખરીદી લે પણ **Yahoo** એ તેમની ઓફર નકારી હતી અને પછી ગૂગલની સફળતાને જોઈને ૨૦૦૨માં **Yahoo** એ ૩ બિલિયનની ડોલરમાં ગૂગલને ખરીદવાની ઓફર આપી ત્યારે ગૂગલે પણ તે ઓફરને નકારી દીધી અને આજે ગૂગલ કંપની રૂટ્ફર થી ખૂબ જ આગળ છે.



ગાંધીનગર જંક્શન

સંજય થોરાત'સ્વજન'

mail@sanjaythorat.com

૧૫ સપ્ટેમ્બર, ૧૯૯૭માં ગૂગલનું ડોમેન નેમ **"Google.com"** રજીસ્ટર કરવામાં આવ્યું હતું. ૨૦૧૫માં એક વખત ગૂગલનું ડોમેન નેમ **"Google.com"** વેચાણ માટે મુકાઈ ગયું હતું અને તે વખતે ગૂગલના જ કોઈ ભુતપૂર્વ કર્મચારીએ તે ડોમેન નેમને ૧૨ ડોલરમાં ખરીદી લીધું હતું. પછી ગૂગલે આ સમસ્યાને દૂર કરવા માટે ઈનામ પણ આપ્યું અને ગૂગલના તે ભૂતપૂર્વ કર્મચારીએ તે ઈનામમાં મળેલા પૈસાને દાનમાં આપી દીધા હતા.!

સુંદર પિચાઈના નેતૃત્વમાં ગૂગલ ક્રોમ બ્રાઉઝર સપ્ટેમ્બર ૨૦૦૮ માં લોન્ચ કરવામાં આવ્યું હતું. ગૂગલ કંપની જાહેરાતથી દર વર્ષે ૨૦ મિલિયન ડોલરની કમાણી કરે છે. વર્ષ ૨૦૧૪માં ગૂગલની ૮૯% કમાણી જાહેરાતમાંથી આવી હતી. ગૂગલનું સર્ચ એન્જિન ૧૦૦ મિલિયન ગીગાબાઈટ્સ છે, આટલા ડેટા નો સંગ્રહ કરવા માટે,૧ ટેરાબાઈટની એક લાખ ડ્રાઈવની જરૂર પડે છેં. જો આપણે કોઈ માહિતી શોધવી હોય તો લોકો કહે છે કે ગૂગલમાં શોધ કરો, તેનો અર્થ એ કે ગૂગલ ઈન્ટરનેટનો પર્યાય બની ગયો છે. ગૂગલે તેના સ્ટ્રીટ વ્યૂ મેપ માટે ૮૦ લાખ ૪૬ હજાર કિલોમીટરના રસ્તાના ફોટોગ્રાફસ લીધા છે.

ગૂગલ મેપ્સ રસ્તા પર ટ્રાફિકનો અંદાજ એવી રીતે લગાવે છે કે એન્ડ્રોઈડ ડિવાઈસ રસ્તા પર કેટલી ઝડપથી પસાર થાય છે, એટલે કે, જો તમે એવા રસ્તા પર હોવ જ્યાં ટ્રાફિક જામ હોય તો તમે અને તમારા જેવા લોકો પણ રસ્તા પર ધીમે ધીમે આગળ વધે છેં. ગૂગલ મેપ તમારી સ્પીડ અને અન્ય લોકોના એન્ડ્રોઈડ ડિવાઈસની એવરેજ સ્પીડના આધારે ત્યાંના ટ્રાફિકનું અનુમાન કરે છે અને તમને ટ્રાફિક વિશે જણાવે છે. દર વર્ષે ૨૦૯૫૧૦૦૦૦૦૦૦૦ સર્ચ ગૂગલ પર થાય છે એટલે કે ૬૦,૦૦૦ થી વધુ સર્ચ ગૂગલ પર પ્રતિ સેકન્ડ થાય છે.

ગૂગલ દરરોજ ૫ અબજ રૂપિયાથી વધુની કમાણી કરે છે. ફાયરફોક્સ વેબ બ્રાઉઝરનો મુખ્ય ડેવલપર હવે ગૂગલ માટે કામ કરે છે. ગૂગલ બનાવતી વખતે લેરી પેજ અને સેર્ગેઈ બ્રિનને પોતાનું ગેરેજ ભાડે આપનાર એક મહિલાને બાદમાં યુટ્યુબની સીઈઓ બનાવવામાં આવી હતી. જ્યારે ગૂગલ કર્મચારી મૃત્યુ પામે છે, ત્યારે ગૂગલ તેના જીવનસાથીને ૧૦ વર્ષ સુધીનો અડધો પગાર અને તેના બાળકો ૧૯ વર્ષનો થાય ત્યાં સુધી તેને **$1000** ચૂકવે છે.... આ તો માત્ર એક ઝલક છે, આનાથી ઘણુ વધારે ગૂગલ કરે છે!

**રેડ સિગ્નલ :**

ગૂગલ આંખના પલકારામાં તમે સર્ચ કરેલી માહિતી ઠાલવી દે છે પરંતુ તમારે એક્ઝેટ શું જોઈએ છે એ માટે તો તમારી વિવેકબુદ્ધિ વાપરવી પડે..!

# "મન મૂકીને વરસી રહ્યો હોય મેહુલો એકધારો ને યાદોના અડપલાં વાછટ આપી જાય એમ પણ બને" થાય હાલક ડોલક કાગળની હોડી ખાબોચિયામાં ને વગર હલેસાં એ કિનારે પહોંચાય એમ પણ બને "

કોઈપણ બહાનું કાઢયા વગર , ગમે ત્યારે અડપલાં કરતો , અચાનક વરસી જતો , તણાઈ ગયેલા સપનાંઓને બારીમાંથી ડોકિયું કરી કાગળની હોડી માં છેક કિનારે પહોંચાડી દેતો ગાંડોતૂર મેહુલો ભીની ભીની વાછટ આપી જાય એ ક્ષણોની સૌને શુભકામના...

ભીંજાવું ને ભીંજવવું એ બન્ને લાગણીની અનુભૂતિ કઈક અલગ જ છે. ચોમાસુ લગભગ લગભગ બધે જ શરૂ થઈ ચુક્યુ છે. મસ્ત મસ્ત વાદળછાયું વાતાવરણ જામી ચૂક્યુ છે. અને ચોમાસું એટલે રોમાન્સની ઋતુ. અને રોમાન્સ વ્યક્ત કરવા માટે શબ્દો જોઈએ, અને શબ્દો માટે અમુક ચોક્કસ વાતાવરણ, અને જો શબ્દો કવિતાના રૂપમાં મળે તો તો ચાર ચાંદ લાગી જાય. અને સાથે ગરમ ગરમ ભજીયા અને ચા મળે તો જાણે ચોમાસું બેવડાઈ જાય છે. કવિ શ્રી ખલીલ ધનતેજવી સાહેબ કહે છે કે.... "તમે મન મૂકી વરસો, ઝાપટું આપણને નહીં ફાવે,
અમે હેલીના માણસ, માવઠું આપણને નહીં ફાવે".

ઘણી વાર આપણને શું ગમે છે તેની પોતાને જ ખબર નથી હોતી. અથવા આપણને એવું કહેવાની આદત પડી ગઈ હોય છે કે અમને તો ચાલે બધું, હવે આવું બધું શું કરવાનું. બસ આપણે વિચારોને સીમિત કરી દેતાં હોઈએ છીએ. બીજાં શું કહેશે એ વાતને કેન્દ્રમાં રાખીને આપણે વિચારી જ નથી શકતાં કે મને કે મારાં પ્રિય પાત્રને તો શું ભાવે છે કે, શું ગમે છે. એના માટે લઈ જઈશ તો લોકો શું વિચારશે કે જોયું આ ઉમરે કેવું સૂઝે છે. પણ ગમતું કરી લેવુ જોઈએ એ બાબતથી આપણને નાનપણથી અજાણ રાખવામાં આવ્યાં છે. ખાસ કરીને સ્ત્રીઓને . હંમેશા ઘરના તમામ સભ્યોને શું ગમે તે કરવાં કટિબદ્ધ હોય છે. પણ પોતાની પસંદગી વિશે એ વિચારી પણ નથી શકતી. અને એટલે જ ઘણું થયું હવે રોજ રોજ લાગણીઓને દબાવીને રાખતી પોતાની પ્રિયતમાને કહી જ દો કે મન મૂકીને વરસો, ઝાપટું આપણને નહીં ફાવે. પણ ખરેખર હવે જિંદગી જીવી લો આ વરસાદી વાતાવરણ એ જ કહેવા ત્રાટક્યું હશે

તો આવો , વ્હાલ મુકી ને ભરપૂર વરસાવો, હવે માવઠું પડે તે ચાલે એમ નથી. અને શ્રી તુષાર શુકલ કહે છે કે.. "આંખોમા બેઠેલા ચાતક કહે છે, મારું ચોમાસું ક્યાંક આસપાસ છે; ગાલો પર લજ્જાની લાલી ફૂટ્યાનું કોઈ કારણ પૂછે તો કહું ખાસ છે". લાગણીઓ એકદમ વરસાદના ફોરા જેવી; પાણીપોચી હોવી જોઈએ એપાયાની શરત છે, પ્રેમમાં ભીંજાઈ જવાની. આપણે આવાં સંવેદન રહ્યા નથી. સ્મરણો રહ્યાં જ નથી કારણ આપણે હવે જમાના સાથે અપડેટ થઈ ગયા છીએ. પ્રપોઝ પાર્ટી કરતાં અને બ્રેક અપ પાર્ટી પણ કરતાં થઈ ગયાં છીએ. અને આ બધાનું કારણ છે આપણી ફાસ્ટ લાઈફ સ્ટાઈલ. આવી કઠોર લાગણીઓ પરથી તો સંવેદનાઓનું આખું ઘોડાપૂર પસાર થઈ જાય તો પણ નરમ નથી પડતી કે ભીંજાવા રાજી નથી થતી. ચાલો પાણીનાં ટીપાં જેવાં સંવેદન શીલ બની જઈએ. ચોમાસુ આવે એટલે કવિ બની જઈએ. એ વરસાદની મોસમને , એ માટીની મહેકને દિલના ઊંડાણમાં ઉતારી કંઈક ગુનગુનાવીએ.

શા માટે આપણે લાગણીઓ આડે છત્રી કે રેઈન કોટ નો સહારો લઈએ છીએ. શુષ્ક શબ્દોમાં ભીનાશ પ્રસરી વળે છે ને મનનાં ભાવો વગર છત્રી લઈને શહેર ખૂંદવા નીકળી પડીએ છીએ. ચાલો લાગણીઓને વ્યકત કરતાં શીખીએ અને છત્રીને કાગડો બનાવી ઊડતાં જોઈ આનંદમાં આવીએ. ધોધમાર વરસાદના છાંટા નો અવાજ સાથે તમરા અને દેડકાંઓ નો અવાજ એ એકજાતનું મેડિટેશન છે કુદરતી. વરસાદનું એક બુંદ શરીરને સ્પર્શતાં જ આખા વર્ષની શુષ્કતા ક્ષણમાં જ ઓગળી જાય છે , ને એજ નાનકડું બુંદ આપણી વ્યાકુળતાને વરસાદમાં વહાવી દેવાં આપણી આંગળી ઝાલી લે તો ઝાલવા દઈએ. ગળામાં ધરબાયેલાં મૌન સંવાદોનાં ડૂમાઓ મોરનાં ટહુકાઓ બનીને વિશાળ આકાશે પડઘાઓમાં વિસ્તરવા દઈએ. બધી ચિંતાઓ અને વ્યાકુળતાને ભૂલી જઈને આકાશને ગગનચુંબી બાથ ભરવાં હરખભેર ઉડાન ભરી લઈએ. શા માટે ઈશ્વરના અઢળક વહાલ સામે આપણે સૂકાભઠ્ઠ થઈને સૂનમૂન પડી રહેતાં હોઈએ છીએ.



એમ પણ બને !

પારૂલ અમિત

જાણો છો , બહાર પડતો વરસાદ ભીતરમાં ટાઢક આપે છે. તો આપણે મનમાં ચાલી રહેલાં વિચારોના યુદ્ધ ને હરાવી દઈએ અને આપણી અંદરની દુનિયાને બદલી દઈએ.

મનના એ રસ્તાઓમાં સળવળાટ જરુર થશે , પણ બધી જ વ્યથાઓ ભાગી છૂટશે અને પહોંચી જશે, ભીતરની ભીનાશને મળવાં..! આ વરસાદ તો પ્રેમનો પર્યાય છે, જેમાં જીંદગીને એમનાં થાકનો વિસામો મળે છે ને બાકી બચેલી ક્ષણોને હરખભેર વધાવીને શ્વાસો પોતાનું મનોબળ વધારે છે.

"હું મારાં જ આકાશમાં ભીંજાવા કેદ થઈ છું..
વરસાદનું બુંદ મારી નાભિમાં ભરી
હું પોતે જ મારી કુદરત થઈ છું.."!

મારી જ આ કૃતિનો નાનકડો અંશ વરસાદની અનુભૂતિનો મનભરીને સાક્ષાત્કાર કરાવી જાય છે.પોતાનાં મનનાં આકાશે જ ભીંજાવાની ક્ષણ ઋજુ લાગણીઓ ધરાવતી વ્યક્તિ જ પામી શકે..! તો ચાલો આપણે આવાં બની જઈએ. પીડા આપનારી એ દરેક અનુભૂતિ જે નિરાશાના વાદળોમાં ઘેરાઈ ગઈ હતી એને હળવેકથી કહી દઈએ કે હું શૂરવીર છું અને મેં વિચારોને ભૂંસી નાખ્યા છે. જીવનને જોવાનો એક નવો જ દ્રષ્ટિકોણ અપનાવી લીધો છે. ચાલો ! આકાશ પણ પોતાનું આગવું અને ન વરસાદ પણ પોતે ઈચ્છે એવો મનગમતો..! બનાવી લઈએ. પોતાની સંવેદનાઓને પોતાની મરજી મુજબ વરસવાની છૂટ મળે ત્યારે ભીંજાવાની વ્યાખ્યામાં ઘણોબધો ફેરફાર થઈ જતો હોય છે, પણ વ્યાખ્યા ને બદલવી જ રહી જે કામ આપણે કરવાનું છે. આવી સ્વયંભૂ રીતે ભીંજાવાની ઘટના આત્મવિશ્વાસ એકસામટો ઉમટી પડે છે ને આત્મસંતોષ આપણને નખશિખ લીલાછમ્મ બનાવી દે છે.પોતાની નાભિમાં વરસાદનું બુંદ ભરીને વરસવાની ઝંખના પોતે પોતાની જ કુદરત બન્યાનો અહેસાસ અપાવે છે.

આવો અહેસાસ આપણી કોરીધાક્કોર હયાતીને ફરીથી પલાળી દેવાં સક્ષમ હોય છે ને ભાંગી પડેલી જીજીવિષાઓ ફરીથી ટટ્ટાર થઈને ચાલવાં લાગે છે.પોતે જ વાદળાઓનું સર્જન કરીને, પોતે જ મનગમતી જગ્યાએ વરસવાનું નક્કી કરીને, પોતે જ એ વરસાદનાં બુંદને પોતાની નાભિમાં ભરીને પોતે જ પોતાની કુદરત બન્યાનો ઉત્સાહ આપણાં શ્વાસોની ગતિનો લય એકદમ લયબદ્ધ કરી આપે છે ને જીંદગીની બચેલી ક્ષણોને મનભરીને માણી લેવાની ઉત્કંઠા જાગી ઉઠે છે..!

- parulamit198@gmail.com
7201001482

# વાંચન માણસને માનસિક રીતે જગાડવાનું કામ કરે છે...

માણસને કોઈ ઘટના કે પ્રસંગમાં ઘણાં બધા રૂપિયા ખર્ચાઈ જાય તો કેટલું બધું ખૂંચે છે. પણ જિંદગીના દિવસોના દિવસો, કલાકોના કલાકો, વર્ષોના વર્ષો ખર્ચાઈ જાય પણ તેનાં તરફ લક્ષ સુધ્ધાં જતું નથી... સ્થિર ઉભા રહીને થોડી ક્ષણો થોભીને વીતી ગયેલ અને હમણાં જીવાતી ક્ષણોની સાર્થકતા વિશે વિચાર કરવાનો વિચાર પણ ભાગ્યે જ અથવા તો બહું ઓછાંને આવે છે. જો આવી શકે તો થઈ ગયેલ ખોટાં નિર્ણયો ભૂલો બહુ ઝડપથી સુધારી શકાય. આ ઉપરાંત બાકીનાં જીવનમાં સાચાં નિર્ણયો લેવામાં અને સાચું જીવન જીવવામાં તેમજ જીવનને સાર્થક બનાવવામાં ઘણી મદદ મળી રહે છે. વાંચન એ તો જાત સાથેની, બીજા શબ્દોમાં કહીએ તો જાત ભણીની યાત્રા છે. જે "તમે" છો તેની ઓળખાણ કરી આપતો "ભોમિયો" એટલે પુસ્તક. ટીવી જોવું ગમે પણ ટીવીના ચલચિત્ર કે મોબાઈલમાંથી નીકળતા શબ્દો તમને વિઝયુલાઈઝેશનની તાકાત આપી શકતા નથી. જ્યારે વાંચનથી તમારાં અંતરપટ પર જે તે દ્રશ્ય ઉપસી આવે છે. બીજી રીતે કહીએ તો તમે તમે જે વાંચતા હોવ છો, તેને જોતા પણ હોવ છો. પક્ષીઓના અવાજ કે વૃક્ષના વૈભવ વિશે વંચાતું હોય ત્યારે એ દરેકે દરેક ધ્વનિ, એ દરેકે દરેક વૃક્ષત્વની વિભાવનાઓ તમને અનુભવાય છે, તમને સંભળાય છે.

કેટલીકવાર ગામડામાં રહેતાં હોઈએ અથવા પ્રકૃતિની વચ્ચે મોટાભાગનો સમય કાઢતાં હોઈએ, તો પણ કોયલનો ટહુકો કે વરસાદનાં છાંટા કે મોરની કળાનો જાજરમાન નજારો ભીતર સ્પર્શતો નથી. હૃદયમાં અનુકંપા જન્માવતો નથી. તે કાનનાં પડદામાં અથડાઈને પરાવર્તન પામી પાછો જતો રહે છે. આ એક પ્રકારનું સૂક્ષ્મ"જડત્વ" છે. જે આપણાં બધામાં વત્તા ઓછાં પ્રમાણમાં પ્રવેશી ગયું છે. "કુત્રિમતા" તેને નામ આપી શકાય. એટલે જ આપણને અન્ય વ્યક્તિનું દુ:ખ, પીડા કે ખુશી બહુ જલ્દી સ્પર્શતી નથી. "હું" અને "મારું" એટલું વધી ગયું છે કે "આપણે" શબ્દ ઘરમાં, મિત્રતામાં, સમાજમાં, કુટુંબમાં કે કર્મ સ્થળે બહુ ઓછો વપરાતો થઈ ગયો છે. "આપણે", "આપણું", "આપણો" એ ભાવ, કોઈપણ સંબંધમાં, ઘરમાં, કુટુંબમાં, સમાજમાં અને કર્મ સ્થળોએ આવશે ત્યારે જ સંબંધો અને કામની ઉચ્ચ ગુણવત્તા અને એક ઉચ્ચ લેવલ જળવાશે. એ ત્યારે જ થઈ શકે જ્યારે તમે અન્ય વસ્તુ, ઘટના, વ્યક્તિ સાથે તાદામ્ય સાધી શકો. તેનાં સ્થાને પોતાને મૂકીને તેની ખુશી, પીડા અનુભવી શકો. પ્રકૃતિને પામવી હોય તો તેનામાં ઓગળવું પડે, તેનામાં ભળવું પડે, એકાકાર થવું પડે. આ બધું જ એઝ અ ગિફ્ટ વાંચન આપે છે. આ બધું જ સાવ સહજ રીતે આપણામાં વાવવાનું કામ વાંચન કરે છે.



પમરાટ

મિત્તલ પટેલ

કલમ પકડીને કંઈક સત્વ ચિતરવું ક્યારે શક્ય બને...? અંતરમન સાંદિપનીરૂપી કલમ બની જાય,લેખકનું સ્થૂળ અસ્તિત્વ માનસિક રીતે મટી જાય અને અજાણ્યો પ્રવાહ તેનો હાથ પકડી કંઈક અલૌકિક શબ્દભાવ ચિતરાવી જાય, ત્યારે કંઈક "સત્વ" અને "તત્વ" થી સભર લખાય છે. માત્ર પ્રાસ બેસાડીને તો કવિતા ય ન લખાય. લેખનમાં કૃત્રિમતા પ્રવેશે ત્યારે લખાયેલું ક્યારેય વાંચકને સ્પર્શતું નથી. અને જે ભીતરથી ન સ્પર્શે તેને વાંચવું ય ન જોઈએ. શું વાંચવું? કેવી રીતે વાંચવું? વાંચેલું પચાવવું કંઈ રીતે? તે પણ એક વૈચારિક પ્રક્રિયા છે. અને તે નક્કી કરીને અમલમાં મૂકવું ખૂબ જ મહત્વનું છે. બાકી નીંદણરૂપી વિચારો આપણાં જીવનમાં ઊગી નીકળે, તો ઉધઈની જેમ સારાં વિચારોને કોરી જઈ ખોટી દિશામાં દોરે છે.

એક સારો વાંચક લેખકના લખાણને સાર્થકતા બક્ષે છે. અને એક સારો લેખક વાંચનની પ્રક્રિયામાં પ્રાણપ્રતિષ્ઠા કરી સારાં અને સાચાં વાચકોનો ઉમેરો કરે છે.

- mitalpatel56@gmail.com
94289 03743

# "વીર ભોગ્ય વસુંધરા": બાહુબળથી સત્તા સુધીની વીરત્વની સફર

વર્ષો પહેલા એક સૂત્ર વાંચવામાં આવેલું- "વીર ભોગ્ય વસુંધરા" એટલે કે વીર માણસ પૃથ્વી ભોગવે છે. પણ વર્તમાન સમયમાં કોણે વીર ગણવો અને વીર ગણાવાની પદ્ધતિની શું સમજ હોઈ શકે એ વિષયમાં સમાજમાં વૈવિધ્ય જોવા મળે છે. પણ એક વાત સાથે બધા જ સમંત થાય છે કે સમાજ શક્તિને પૂજે છે અને શક્તિનો આર્વિભાવ જુદા-જુદા કાલખંડમાં અલગ-અલગ રીતે થતો આવ્યો છે. શક્તિ નિયંત્રણ, વર્ચસ્વ અને વ્યક્તિની ઈચ્છાઓ અનુસાર વિશ્વને આકાર આપવાની ક્ષમતાનું પ્રતિનિધિત્વ કરે છે.

લગભગ દરેક માણસ શક્તિપૂજક છે. શક્તિશાળી પાસે મોટાભાગે સંસાધનો, તકો અને વિશેષાધિકારો હોય છે, જેનું અન્ય લોકો માત્ર સ્વપ્ન જ જોઈ શકે છે. પરિણામે, લોકો સ્વાભાવિક રીતે પોતાના રક્ષણ માટે અથવા તેમના સંસાધનોની ઍક્સેસ મેળવવા માટે સત્તા ચલાવતા લોકો તરફ ગુરુત્વાકર્ષણ અનુભવે છે. કદાચ એટલે દુનિયા આખી જેની પાસે સત્તા હોય તેની તરફ આકર્ષાય છે. સત્તાનું સ્વરૂપ હવે વિસ્તાર પામ્યું છે. માણસની સંપત્તિ, તેનો પ્રભાવ કે સત્તાધિશોમાં તેનો રસૂખ આ બધુ જ સત્તાના બદલાયેલા સ્વરૂપો જ છે. માટે જ એ નિર્વિવાદ સત્ય છે કે વિશ્વભરના સમાજોમાં શક્તિશાળી પ્રશંસાપાત્ર બને છે, તેનો આદર કરવામાં આવે છે અને તેનો છૂપો ભય પણ હોય છે.



થોટ પીચ પર નો બોલ

ડો. ધર્માંશુ વૈદ્ય

એક સમય હતો જ્યારે બાહુબળ, યુદ્ધ કૌશલ્ય, શૌર્ય અને પરાક્રમ વીરતા-સૂચક માપદંડો હતા. માનવીય ઉત્ક્રાંતિનો શરૂઆતનો દોર મત્સ્યન્યાય પ્રધાન હતો, જેમાં માણસનું શારીરિક માળખું તેના અસ્તિત્વની ઊંચાઈ નક્કી કરતું હતું. પછીના સમયમાં રાજાશાહીના અવનવા સ્વરૂપો આવ્યા. પછી રાજા એટલે દેવ અને તેના સેવકો એટલે દેવસભા એવી વીરોની નૂતન વ્યાખ્યા આવી. એટલે જે રાજાનો માણસ હોય કે જે રાજાની નજીક હોય તે વીરની શ્રેણીમાં આવવા મંડ્યા. મને એવું લાગે છે કે કદાચ આ જ અરસામાં રાજાની નજીક રહેવાની ચડસાચડસી અને રાજા નારાજ ન થાય તે માટે તેની ખુશામત કરતા રહેવાની કીમિયાગીરીની શોધ થઈ હશે.

પણ હવે દોર બદલાયો છે. માણસની જડતામાં પ્રાણ ફૂંકાવાની શક્તિનો આ યુગ છે. પરિણામે વીરની વ્યાખ્યા ઉત્ક્રાંતિ પામી છે. હવે વીર એટલે સત્તા અને બુદ્ધિનો સમન્વય. અહીંયા લોકોને છજી થવું છે, "જી બનવું છે. કેમ કે વીરતાની પરિભાષા બદલાઈ ગઈ છે. હવે એવા પદાધિકારીઓ પૂજાય છે જ્યાં ભયંકર ભ્રષ્ટાચાર કરવાની સવલત હોય. શોષણના અવનવા શિખરો સર કરનારો માણસ હવે વીરતાનો પર્યાય બનતો જાય છે. આ ઉપરાંત અધિકારીની નજીક રહેવાનું સાતત્ય જાળવનારાથી પણ લોકો ડરે છે અને તેમને આદર આપવાની એક પણ તક છૂટી ન જાય તેવા પ્રેશરમાં પણ રહે છે. કેમ કે આવા માણસો જેમ ચા કરતા કીટલી ગરમ હોય તેમ પોતે સવાયા અધિકારી છે તેમ વર્તે છે અને અધિકારીનો સાથ છૂટે પછી તેમનું વહેંતીયું કદ છતું થાય છે અને તેઓ ઊંધે માથે પટકાય છે.

પીડા ઉપજાવે એવી વાત તો એ છે કે આજના સમાજમાં એક સામાન્ય પી.એસ.આઈ. કે કલેક્ટર કચેરીના ક્લાર્કને મળે તેના કરતા પણ ઓછું મહત્ત્વ શિક્ષકનું છે. અહીંયા ચિત્રકાર અને કવિઓનું બહુ લિમિટેડ મહત્ત્વ છે કેમ કે તેમની શક્તિમાં દમનને અવકાશ નથી. સાથોસાથ એ પણ સાચું છે કે સામાન્ય માણસને ખુરશીશાળીથી દૂર રહેવાનો મહત્ત્વપૂર્ણ વિવેકબોધ લાદ્યો છે. કેમ કે ભયમાંથી ઊપજેલી પ્રીત લાંબી નથી ચાલતી.

**પી.એસ. :**

**'બધા જ ગુણોનો સોનામાં નિવાસ છે.'**

**: રાજર્ષિ ભર્તુહરિ**

- dharmanshuvaidya88@gmail.com
9265049335